સુવિચાર

''આપણી ત્વચા શ્યામ હોય તો ચાલી જશે, આપણી નિયતિ કૃષ્ણ જેવી હોવી જોઈએ.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૫/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ સુદ-૯ વર્ષ : ૧૭ અંક : ૧૩૭



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનું ઘરનું બજેટ વેરવિખેર થશે

# ૧૦ દિવસમાં ત્રીજી વખત પેટ્રોલ-ડીઝલનાં ભાવમાં વધારો

**પેટ્રોલનાં ભાવમાં પ્રતિ લીટર ૮૭ પૈસા અને ડીઝલની કિંમતમાં ૯૧ પૈસાનો વધારો થયો**

**૧૦ દિવસમાં પેટ્રોલ-ડીઝલમાં કુલ રૂપિયા ૫ નો વધારો કરવામાં આવ્યો**

**પેટ્રોલીયમ વિભાગે દેશવાસીઓને પુરતા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલનો જથ્થો હોવાનું આશ્વાસન આપ્યુ**

**ડીઝલનાં ભાવ વધારાથી જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓનાં ભાવમાં થશે વધારો**




નવી દિલ્હી, તા.૨૩

મિડલ-ઈસ્ટ (મધ્ય-પૂર્વ) માં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવની સીધી અસર હવે ભારતના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડી રહી છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. શનિવારે ફરી એકવાર પેટ્રોલના ભાવમાં ૮૭ પૈસા પ્રતિ લીટર અને ડીઝલના ભાવમાં ૯૧ પૈસા પ્રતિ લીટરનો ઝીંકાયો છે. સામાન્ય જનતા માટે ચિંતાની વાત એ છે કે છેલ્લા ૧૦ દિવસની અંદર આ ત્રીજી વખત છે જ્યારે ઈંધણના ભાવમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### નંદ પેટ્રોલ પંપ નજીક અકસ્માત થયો

# રાજુલાનાં દાતરડી નજીક સામસામે બાઈક અથડાતા ૧ વ્યકિતનું મોત

**ભરતભાઈ ભીલનું સારવાર દરમિયાન મોત**

અમરેલી, તા. ૨૩

રાજુલા તાલુકાના દાતરડી ગામે રહેતા ભરતભાઈસોંડાભાઈ ભીલ ગત તા. ૨૨ ના રોજ ૧૦:૩૦ વાગ્યે પોતાનું મોટર સાયકલ નં. જી.જે. ૧૪ બી.ઈ.-૨૩૮૭ વાળુ લઈ દાતરડી પીપરૂ તરફ જતા હતા. ત્યારે નંદ પેટ્રોલ પંપ પાસે પહોંચતા સામેથી આવતા મોટર સાયકલ નં. જી.જે.-૦૧ એલ.ઈ.-૬૨૬૭ના ચાલકે પોતાના હવાલાનું મોટર સાયકલ પુરઝડપે ચલાવી મરણ જનાર ભરતભાઈના મોટર સાયકલ સાથે અથડાવી અને ભરતભાઈને ગંભીર ઈજા પહોંચાડતા તેમને સારવાર માટે દવાખાને ખસેડતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજાવી અને આરોપી પોતાનું મોટર સાયકલ સ્થળ ઉપર મુકી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સમી સાંજે અકસ્માતની ઘટનાથી ટ્રાફિકજામ થયો

# અમરેલી-લાઠી માર્ગ ઉપર ખાનગી ટ્રાવેલ્સની બસ અને અલ્ટો કાર વચ્ચે અકસ્માત-૩નાં મોત

**સ્થાનિક પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતકની ઓળખ મેળવવાનો પ્રયાસ કર્યો**



અમરેલી, તા. ૨૩

અમરેલી-લાઠી માર્ગ ઉપર કેરાળા ગામના પાટીયા નજીક ખાનગી ટ્રાવેલ્સની બસ અને સામેથી આવી રહેલ અલ્ટો કાર વચ્ચે અકસ્માત થતાં કારમાં સવાર ૩ વ્યકિતનાં કમકમાટીભર્યા મોત થયેલ છે કારનો બુકકો બોલી જતાં અરેરાટીનો માહોલ ઉભો થયો છે.

બસમાં સવાર મુસાફરોએ અલ્ટો કારમાં સવાર વ્યકિતઓને બહાર લાવવાનો પ્રયાસ કર્યો હતો.

અકસ્માતમાં જીતેશ (૧) ધનાભાઈ પાટડીયા (ઉ.વ. ૨૭) રહે. સમઢીયાળા, (૨) અસ્મિતાબેન ચતુરભાઈ ગઢીયા (ઉ.વ. ૩૦) રહે. સમઢીયાળા, (૩) ભરતભાઈ હરીભાઈ સોજીત્રા રહે. બગસરાનું મોત થયાનું જાણવા મળેલ છે.

**અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી


અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

રાજકોટ સીટીમાં-૨ (બે) ફલેટ વેચવાના છે
2 BHK ફલેટ, B-1101, ''સીટી કલાસીક''
વસંતવાટીકા નજીક, અંબીકા ટાઉનશીપ, મવડી-રાજકોટમાં
કારપેટ એરીયા : 600 Sqft Apx
કિંમત : ૩૧,૩૧,૦૦૦/- માં જ...
પ્લસ મેન્ટેન્સ & ટ્રાન્સફર ફી
સંપર્ક : 88667 10121 / 94277 44641
2 BHK ફલેટ, ફુલ્લી ફર્નીસ્ડ, ૧૦૨, એકલવ્ય એપાર્ટમેન્ટ, અમીનમાર્ગ રાજકોટમાં
કારપેટ એરીયા : 670 Sqft Apx
કિંમત : ૫૫,૫૫,૦૦૦/-
સંપર્ક : 96624 58777

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ
ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ
હૃદયરોગ નિષ્ણાંત
તા. ૨૪/૦૫/૨૦૨૬, રવિવારે, સવારે ૯ થી ૫
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ • ચિંતા - ટેન્શન
• મરવાના વિચાર આવવા • માથાનો દુઃખાવો
• વિચારવાયુ • જાતિય રોગો
• વહેમ, શંકા • વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
• મંદબુધ્ધિ બાળકોની સારવાર
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

અમદાવાદના નિષ્ણાંત સ્પાઈન સર્જન હવે આપણા અમરેલીમાં....
ઉપલબ્ધ સારવાર
❖ કમર કે ગરદનની નસનો દુઃખાવો. જેમ કે સાઈટીકા માટે ઓપરેશન વગર ઈન્જેકશન દ્વારા સારવાર.
❖ કી હોલ (1.5 સેમી)ના ચેકા દ્વારા નસનું દબાણ હટાવવાનું ટાંકા વગરનું ઓપરેશન.
❖ આધુનિક પધ્ધતિથી (Minimally invasive) દ્વારા સ્નાયુ ફાડયા વગરનું ઓપરેશન.
❖ ત્રાસી કમરની (Scoliosis) તકલીફ માટેનું ઓપરેશન.
❖ દૂરબીન (Endoscopy) દ્વારા ખસેલી ગાદી માટેનું ઓપરેશન.
❖ મણકાની અન્ય તમામ તકલીફ માટેનું સચોટ માર્ગદર્શન અને નિદાન
(ગોળ હોસ્પિટલ)
તારીખ : ૨૪/૦૫/૨૦૨૬
રવિવાર
સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
24/7 Emergency Services
ડો. મંથન એચ. માંડલીયા
M.S.Ortho [F.I.S.S.(U.K. Germany)] Consultant-Spine Surgeon

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## ગીરકાંઠાનાં ગામોમાં રાનીપશુઓ અને તસ્કરોની રંજાડ વધી

# રબારીકા ગામે એકી સાથે ૪ રહેણાંક મકાનમાંથી ચોરી

### સોના-ચાંદીનાં દાગીના, વાસણ, રોકડ મળી કુલ રૂપિયા ૫.૪ લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી

### જનતાનાં જાન-માલની સુરક્ષા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ છતાં ચોરી થાય તો કેવું લાગે

### સ્થાનિક પોલીસે ડોગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ ચોરીનો ભેદ ઉકેલવાનું શરૂ કર્યુ

### કાળઝાળ મોંઘવારી અને ભીષણ બેરોજગારી વચ્ચે ચોરીની ઘટના બનતા ગ્રામજનોમાં ચિંતા

અમરેલી, તા. ૨૩

ખાંભા તાલુકાના રબારીકા ગામે એકી સાથે ચાર ચાર રહેણાંક મકાનમાં કોઈ અજાણ્યા તસ્કરોએ ત્રાટકી સોના ચાંદીના દાગીના, વાસણ તથા રોકડ મળી કુલ રૂપિયા ૫,૦૪,૪૦૦નો મુદામાલ કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ડોગ સ્કવોર્ડ તથા ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ ચોરીનો ભેદ ઉકેલવા માટે આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં ગીરગઢડા તાલુકાના દુધાળા ગામના વતની અને હાલ ખાંભા તાલુકાના રબારીકા પાણીના ટાંકાની બાજુમાં મોલી ગામ તરફના રસ્તે હમીરભાઈ જીવાભાઈ પરમારના બંધ મકાનમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે ગત તા. ૧૩ના બપોરના આશરે અગિયાર વાગ્યાથી તા. ૨૨ ના અગીયાર વાગ્યા પહેલાના કોઈપણ સમયે સિમેન્ટના ઝાળીયા તોડી મકાનની અંદર પ્રવેશ કરી તિજોરી, પટારાના તાળા તોડી એક જોડી ચાંદીના ચડા નંગ-૨ વજન આશરે ૫૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૪૦,૦૦૦ તથા બે જોડ સોનાની બુટ્ટી નંગ-૪ વજન આશરે બે તોલા કિંમત રૂપિયા ૮૫,૦૦૦ તથા સોનાની નાની કડીયું નંગ-૬ વજન આશરે બે તોલા આશરે કિંમત રૂપિયા ૮૫,૦૦૦, કાસાની તાસળી નંગ-૪૫ કિંમત રૂપિયા ૪૫૦૦, તાંબા પિતળ ની હેલ (ગાગર/હાડાની સંયુકત જોડી-૧૧) નંગ-૨૨ આશરે કિંમત રૂપિયા ૨૨,૦૦૦ તથા ત્રાંબાના ત્રાસ નંગ-૨ આશરે કિંમત રૂપિયા ૧૦૦૦, સીંગતેલ ૧૮૦ લીટર આશરે કિંમત રૂપિયા ૨૫,૨૦૦ તથા વલકુભાઈ પરમારના મકાનમાંથી ચાંદીનું મંગળ સુત્ર (પતલુ) નંગ-૧ કિંમત રૂપિયા ૫૦૦૦ તથા એક જોડ ચાંદીના હાથના ચુડા નંગ-૨ આશરે કિંમત રૂપિયા ૧૦,૦૦૦, કાસાની તાસળી નંગ-૫૦ આશરે કિંમત રૂપિયા ૫૦૦૦ તથા સીંગતેલ ૫૦ લીટર જેની કિંમત રૂપિયા ૭૦૦૦ તથા રોકડા રૂપિયા ૧૦,૦૦૦ તથા નાજાભાઈ પરમારના મકાનમાંથી એક જોડ ચાંદીના છડા નંગ-૨ વજન આશરે ૫૦૦ ગ્રામ આશરે કિંમત રૂપિયા ૪૦,૦૦૦ તથા કાસાની તાસળી નંગ-૯ આશરે કિંમત રૂપિયા ૯૦૦ તથા રોકડા રૂપિયા ૫૦,૦૦૦ તથા મહેશભાઈ પરમારના મકાનમાંથી કાસાની તાસળી નંગ-૨૩ આશરે કિંમત રૂપિયા ૨૩૦૦, તાંબા/ પિતળ ની હેલ જોડી-૫ (ગાગર/હાંડો) નંગ-૧૦ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા થાળી નંગ-૧૫ કિંમત રૂપિયા ૧૫૦૦ તથા રોકડા રૂપિયા ૧,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૦૪,૪૦૦ કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ડોગ સ્કવોર્ડ તથા ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ ચોરીનો ભેદ ઉકેલવા માટે આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### તાજેતરમાં લેવાયેલ એમ.એસ.સી. (એમબી) સેમ-૧ પરીક્ષામાં

## અમરેલીની શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.એસ.સી. મહિલા કોલેજનું ૧૦૦ ટકા પરિણામ

### તનીશા દવે, હસ્તી સાનેપરા અને ક્રિષુ ભાદાણી અગ્રેસર





અમરેલી, તા. ૨૩

અમરેલી સ્થિત શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ એમ.એસ.સી. મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓનું તાજેતરમાં લેવાયેલ એમ.એસ.સી. (એમબી) સેમ-૧ની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીની તનીશા દવે, હસ્તી સાનેપરા અને ક્રિષુ ભાદાણી અગ્રેસર રહી છે શ્રેષ્ઠ પરિણામ મેળવવા બદલ ટ્રસ્ટીગણ અને સ્ટાફગણે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી છે.

### ગાંધીનાં ગુજરાતમાં દિ'ઉગેને દારૂની હેરફેર ઝડપાતા આશ્ચર્ય

## અમરેલીનાં બાયપાસથી લાઠી તરફ જતાં માર્ગ ઉપરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો ઝડપાઈ

### ક્રાઈમ બ્રાન્ચે દારૂની ૧૨૦૦ બોટલ સહિત રૂપિયા ૭.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



અમરેલી, તા. ૨૩

મુળ ભાવનગરના વતની અને હાલ સુરતના અમરોલી ગામે રહેતા ગોપાલભાઈ મુકેશભાઈ ગેડીયા, નવસારી જિલ્લાના વાંસદા ગામે રહેતા ડ્રાઈવર તથા અમરેલીના જેસીંગપરા શેરી નં. ૩, રંગપર રોડના વતની અને હાલ ગૌરાંગભાઈ ઉર્ફે ગવો નરેન્દ્રભાઈ ભુવા નામના ત્રણેય ઈસમોએ યેનકેન પ્રકારે સંપર્કમા રહી કાવતરૂ રચી ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ગેર કાયદેસર રીતે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની પ્લાસ્ટીકની બોટલ નંગ ૧૨૦૦ કિંમત રૂા. ૧,૩૩,૯૪૪ તથા બીયર ટીન નંગ ૨૩૭ જેની કિંમત રૂા. ૨૯,૬૨૫ મળી કુલ રૂા. ૧,૬૩,૪૦૧નો મુદ્દામાલ ગુજરાત બહારથી આયાત કરી, વેચાણ કરવાના ઈરાદે ફોર વ્હીલ નં. જી.જે.-૦૩ એન.પી.-૨૧૫૬માં ભરી પહુભાઈ નામના ઈસમને આપવા જતા અમરેલીના લાઠી બાયપાસ ચોકડીથી લાઠી તરફના રોડે આવેલ નક્ષત્ર મોટર ગેરેજ સામે રોડ ઉપરથી પસાર થતા હતા ત્યારે અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ ગીરીરાજસિંહ જાડેજાને બાતમી મળતા તેઓએ એલ.સી.બી. ટીમ દ્વારા દરોડા પાડી અલગ અલગ મોબાઈલ ફોન નંગ-૩ કિંમત રૂા. ૨૫,૦૦૦ તથા ફોર વ્હીલ જી.જે.-૦૩ એન.પી.-૨૧૫૬ કિંમત રૂા. ૬,૦૦,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૭,૮૮,૪૦૧ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તથા વિદેશી દારૂ મંગાવનાર ઈસમ પહુભાઈ હાજર નહી મળી આવતા તે ઈસમની શોધખોળ આદરી છે.

### સ્વચ્છતા અભિયાન પાછળ લાખો રૂપિયાનો ખર્ચ છતાં પરિણામ મળતુ નથી

## અમરેલીનાં બાબાપુરમાં ગંદકીનાં માહોલથી જન આરોગ્ય ઉપર ખતરો ઉભો થતાં ગ્રામજનોમાં નારાજગી

### પાણીનો બગાડ અને માર્ગમાં ખાડાથી અવારનવાર અકસ્માતની ઘટના




અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં છેવાડાનાં ગામથી લઈને જિલ્લાનાં મુખ્ય મથક સુધી સ્વચ્છતા અભિયાન પાછળ પંચાયતો અને પાલિકાઓને દર વર્ષે કરોડો રૂપિયાની સહાય આપવામાં આવે છતાં સફાઈનો અભાવ જોવા મળે છે અને જનતાના પરસેવાનાં પૈસા જાય છે કયાં તેવો વેધક સવાલ જનતામાંથી ઉભો થઈ રહ્યો છે.

દરમિયાનમાં અમરેલીનાં બાબાપુર ગામે પીવાનાં પાણીનો બગાડ અને તેના દ્વારા થતી ગંદકી અને માર્ગમાં પડતા ગાબડાઓથી ગ્રામજનો તોબા પોકારી ચૂકયા છે. ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતનાં શાસકો ગામમાં સ્વચ્છતાનો માહોલ ઉભો કરે તેવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે.

### લાપત્તા વ્યક્તિના કેસમાં તાત્કાલિક FIR કરોઃ સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હી, તા. ૨૩

દેશમાં આશરે 47,000 બાળકો હજુ પણ લાપતા હોવાનો ઉલ્લેખ કરીને સુપ્રીમ કોર્ટે દેશભરના પોલીસ સત્તાવાળાઓને લાપતા વ્યક્તિઓના કેસમાં તાકીદે એફઆઈઆર દાખલ કરવાનો તથા માનવ તસ્કરી એકમોને ચાર સપ્તાહમાં સંપૂર્ણપણે કાર્યરત કરવાનો આદેશ આપ્યો હતો.જસ્ટિસ અહસાનુદીન અમાનુલ્લાહ અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચે સખત નારાજગી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે આવા બાળકો ઘણીવાર આંતરરાજ્ય સંગઠિત માનવ તસ્કરી ગેંગોના ભોગ બને છે. ખંડપીઠે જણાવ્યું હતું કે ભારત સરકારના ગૃહ મંત્રાલયને દેશના દરેક પોલીસ સ્ટેશનને એક જ પ્લેટફોર્મ પર જોડતું ઓલ ઈન્ડિયા ગ્રીડ બનાવવાનો આદેશ આપવામાં આવે છે, જેમાં માનવ તસ્કરી, ગુમ થયેલા બાળકો અને મહિલાઓ માટે વિશેષ પોર્ટલ હશે. ખંઠપીઠે જણાવ્યું હતું કે સંબંધિત પોલીસ સ્ટેશનોને આદેશ આપવામાં આવે છે કે કોઈપણ વ્યક્તિ ગુમ થયાની માહિતી મળતાની સાથે જ પ્રાથમિક તપાસની રાહ જોયા વગર અથવા ગુમ થયેલા વ્યક્તિના વાલીઓ પર જવાબદારી છોડ્યા વગર તરત જ **FIR** નોંધવામાં આવે. **FIR**માં અપહરણ અને માનવ તસ્કરી સંબંધિત ભારતીય ન્યાય સંહિતા, **2023**ની જોગવાઈઓ ફરજિયાત રીતે સામેલ કરવાના છે. બાળક ગુમ થાય ત્યારે શરૂઆતથી જ અપહરણની શંકા ધ્યાને રાખીને કાર્યવાહી કરવી જોઈએ.

### ભાવનગર ખાતે પેરાસેલિંગ કેમ્પમાં ભાગ લીધો

## અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજનાં એન.સી.સી. વિભાગની અનોખી સિધ્ધિ

### યુનિટની ૩૭ એન.સી.સી. કેડેટસે ભાગ લીધો





અમરેલી, તા. ૨૩

રાજકોટ ગ્રુપ અંતર્ગત ૩ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. દ્વારા ભાવનગર ખાતે તા. ૬/૫/૨૬થી તા. ૧૫/૫/૨૦૨૬ દરમિયાન ૧૦ દિવસીય પેરાસેલિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કેમ્પમાં રાજકોટ ગ્રુપના અદાજે ૪૦૦ એન.સી.સી. કેડેટ્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં આ માતૃશ્રી મોંઘીબા મહિલા કોલેજમાં ચાલતા મિકસ કોલેજ એન.સી.સી. બહેનોના યુનિટની ૩૭ એન.સી.સી. કેડેટસે ભાગ લીધો હતો.

કેમ્પનો મુખ્ય ઉદેશ કેડેટ્સમાં સાહસિકતા, હિંમત, શિસ્ત અને આત્મવિસના ગુણોનો વિકાસ કરવાનો હતો. સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લામાંથી આવેલા કેડેટ્સ આ અનોખા વિશાળ પેરાસેલિંગ અને હસિક અનુભવનો ઉત્સાહપૂર્વક આનંદ માણ્યો હતો. કેમ્પ દરમિયાન પ્રશિક્ષિત સ્ટાફની દેખરેખ હેઠળ તથા કડક સુરક્ષા વ્યવસ્થાઓ સાથે જીપ આધારિત પેરાસેલિંગ સોર્ટીઝ યોજાઈ હતી. સમગ્ર તાલીમ દરમિયાન કેડેટ્સમાં ટીમ સ્પિરિટ, શિસ્ત અને આત્મવિસનો સુંદર સમન્વય જોવા મળેલ.

આ પ્રસંગે બટાલિયન કમન્ડિંગ ઓફિસર કર્નલ વૈભવ દિક્ષિતે જણાવ્યુ હતુ કે, આ કેમ્પ મેજર જનરલ બિમલ મોગાની દ્રષ્ટિ અને પ્રેરણાનું પરિણામ છે. કેડેટ્સમાં સાહસિકતા અને સર્વાંગી વ્યકિત્વ વિકાસ માટે આ પ્રકારની તાલીમ અત્યંત જરૂરી છે. ખાસ કરીને ગર્લ કેડેટ્સ દ્વારા દર્શાવવામાં આવેલ ઉત્સાહ પ્રસંશનીય છે. વધુમાં તેમણે વહીવટીતંત્ર ભાવનગર પોલીસ એરપોર્ટ ઓથોરીટીઝ મેડિકલ ટીમો તેમજ સ્થાનિક નાગરિકોનો કેમ્પના સફળ આયોજન માટે આપેલ સહયોગ બદલ આભાર વ્યકત કર્યો હતો.

# જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર વિકલ્પ ભારદ્વાજનાં અધ્યક્ષ સ્થાને નવી ચૂંટાયેલી જિલ્લા પંચાયતની પ્રથમ બેઠક યોજાઈ






આજરોજ જિલ્લા પંચાયત ખાતે નવી ચૂંટાયેલ જિલ્લા પંચાયતની પ્રથમ બેઠક જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર વિકલ્પ ભારદ્વાજનાં અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠકનાં મુખ્ય એજન્ડા મુજબ જિલ્લા પંચાયતનાં પ્રમુખ પદે દક્ષાબેન ચોડવડીયા અને ઉપપ્રમુખ પદે મહાવીરભાઈ ભગતની વરણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠક ઉપર ચૂંટણી યોજાઈ હતી. જિલ્લા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખની ટર્મ ૨.૫ વર્ષની હોય છે. જિલ્લા પંચાયત પ્રમુખ પદે દક્ષાબેન ચોડવડીયા અને ઉપપ્રમુખ પદે મહાવીરભાઈ ભગત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે નવનિયુક્ત પ્રમુખ અને ઉપપ્રમુખને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા પંચાયત પ્રથમ બેઠકમાં ચૂંટાયેલ હોદ્દેદારો, પદાધિકારીઓ, જિલ્લા વિકાસ અધિકારી જાડેજા સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જનતાનાં પરસેવાનાં પૈસાથી ખરીદાતી વીજળી બચાવવી જરૂરી હોવા છતાં

# લ્યો બોલો : સાવરકુંડલામાં ધોળે દિ'એ સ્ટ્રીટલાઈટનો ઝગમગાટ


**જાગૃત નાગરિકે સી.ઓ.ને મોબાઈલ દ્વારા જાણ કરવાનો પ્રયાસ કર્યો પણ નો રીપ્લાય**

**જનતા જનાર્દન સરકારી કરવેરા ભરીને થાકી ગઈ છતાં તે નાણાનો સદ્ઉપયોગ થતો નથી**

**તાજેતરમાં સંપન્ન થયેલ પાલિકામાં સત્તા મેળવવા હથેળીમાં ચાંદ બતાવાયા અને ધોળે દિ'એ વીજપોલમાં ઝગમગાટ કર્યો**

**પાલિકાનાં પદાધિકારીઓએ બેદરકાર કર્મચારીનો ખુલાશો પુછીને પૂનઃ આવી ઘટના ન બને તે માટે તાકીદ કરવી જરૂરી**







સાવરકુંડલા, તા. ૨૩

સ્થાનિક વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને મિસ મેનેજમેન્ટનો એક અદભૂત નમૂનો સાવરકુંડલા શહેરમાં જોવા મળી રહ્યો છે. વૈકિ સ્તરે જયારે ઉર્જા બચતની વાતો થતી હોય, ત્યારે સાવરકુંડલા નગરપાલિકા દ્વારા જનતાના ટેકસના પૈસાનો સરેઆમ ધુમાડો કરવામાં આવી રહ્યો છે. કસમયે ચાલુ રહેતી સ્ટ્રીટ લાઈટોને કારણે સ્થાનિક જનતામાં ભારે નારાજગી વ્યાપી છે. સાંજનો સૂર્ય આથમ્યો નહોતો ને લાઈટો થઈ ગઈ શરૂ.

ગઈકાલે સાંજે હજુ ૬:૪૫ વાગ્યાનો સમય હતો અને સૂરજના ત્રાંબા જેવા કિરણો સાવરકુંડલાની ધરાને પ્રકાશિત કરી રહ્યા હતા. સૂર્યાસ્તને હજુ વાર હતી તેવા સમયે જ નગરપાલિકાના વ્યાયામ મંદિરથી નેસડી રોડ સુધીની તમામ સ્ટ્રીટ લાઈટો અચાનક ઝગમગી ઉઠી હતી ! કુદરતી અજવાળું પર્યાપ્ત માત્રામાં હોવા છતાં તંત્રએ એડવાન્સમાં પ્રકાશ ફેલાવવાની કુચેષ્ટા કરી હતી. સૂર્યપ્રકાશ અને સ્ટ્રીટ લાઈટના આ અણછાજતા સંગમથી લોકોમાં આશ્ચર્ય અને આક્રોશ ફેલાયો હતો. આ દ્રશ્ય જોઈને લોકોને હિન્દી ફિલ્મનું ગીત 'બતિયાઁ બૂઝા દો...' યાદ આવી ગયું હતું. હાથસણી રોડ પર સૂર્યોદય પછી પણ લાઈટો ચાલુ.

આ મિસ મેનેજમેન્ટ માત્ર સાંજ પૂરતું સીમિત નથી સવારે પણ આવી જ સ્થિતિ જોવા મળે છે. વ્હેલી સવારે ૬:૨૫ વાગ્યે જયારે સંપૂર્ણ સૂર્યોદય થઈ ચૂકયો હોય છે અને ચારેય તરફ ઉજાસ ફેલાઈ ગયો હોય છે, ત્યારે પણ હાથસણી રોડ પર સ્ટ્રીટ લાઈટો ચાલુ જ જોવા મળે છે ! જયારે બંધ રાખવાની જરૂર હોય ત્યારે ચાલુ અને જયારે બંધ કરવાની જરૂર હોય ત્યારે પણ ચાલુ–આ તે કેવું વહીવટી તંત્ર ?

આ ગંભીર આર્થિક વેડફાટ અંગે જયારે સાવરકુંડલાના એક જાગૃત નાગરિક દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરનો ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો, ત્યારે હંમેશની જેમ તેમનો 'નો રિપ્લાય' આવ્યો હતો. જો કે આજે ફોન કરતાં આ સૂચનને ચીફ ઓફિસર દ્વારા ધ્યાન પર લઈને યોગ્ય કરવાની ખાતરી આપવામાં આવી હતી. તેણે વધુમાં ઉમેરલ કે આ સ્ટ્રીટ લાઈટના ટાઈમર ગોઠવેલ હોય છે અને તેમાં અડધી કલાકનું વેરીએશન આવે છે. આ સંદર્ભે આ બાબતની નોંધ લઈને યોગ્ય ફેરફાર કરવા તૈયારી દર્શાવી હતી. આ સંદર્ભ નગરપાલિકાના પ્રમુખને ફોન કરીને આ બાબતે કડક શબ્દોમાં રજૂઆત કરવામાં આવી હતી કે આ જનતાનાં પૈસાનો નિરર્થક વેડફાટ તાત્કાલિક બંધ થવો જોઈએ.

આજની વૈકિ ડામાડોળ પરિસ્થિતિમાં સરકારી સંપત્તિનો સંયમપૂર્વક ઉપયોગ કરવો એ દરેક નાગરિક અને તંત્રની ફરજ છે. મોટી વાતો કરવાના બદલે આવી નાની–નાની બાબતોમાં ચોકસાઈ રાખવી અનિવાર્ય છે. જો તંત્ર હજુ પણ ગાંધીજીના અપરિગ્રહ અને સાદગીના સિદ્ધાંતોને નહીં અનુસરે અને આ મિસ મેનેજમેન્ટ બંધ નહીં કરે, તો આગામી દિવસોમાં સાવરકુંડલાની જનતાએ આના માઠા પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે.

## જાગૃત નાગરિકે શાસકોને કરી રજુઆત

# વડિયાનાં કૃષ્ણપરાનાં રહેવાસીઓ પ્રાથમિક સુવિધાઓથી વંચિત

**બ્લોક રોડ, ભુગર્ભ ગટર સહિતની સુવિધાની માંગ**

અમરેલી, તા. ૨૩

વડિયાના કૃષ્ણપરા વિસ્તારમાં ગ્રામ પંચાયતના વોર્ડ સદસ્ય જુનેદ ડોડીયાએ અમરેલી કલેકટર, કુંકવાવ તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખીને કૃષ્ણપરા વિસ્તારમાં આઝાદીના ૭૮ વર્ષ પછી પણ પાયાની સુવિધાઓથી વંચિત હોવાથી તાલુકા કક્ષાના ગામ વડિયાના કૃષ્ણપરા વિસ્તારમાં ભૂગર્ભ ગટર અને પાકા રોડ રસ્તાની માંગણી કરવામાં આવી છે. ભાજપ શાસનમાં ચૂંટાયેલા નેતાઓના ઘર સુધીના રસ્તાઓ ટકાટક નવી બની ચૂકયા છે જયારે મંદિર અને મસ્જિદ સુધી જવાના રસ્તા હજુ બિસ્માર હાલતમાં છે ત્યારે આ બાબતે કાર્યવાહી કરવાની માંગ સાથે વડિયા ગ્રામપંચાયત સદસ્ય જુનેદ ડોડીયાએ કલેકટર અને ટીડીઓને પત્ર લખી પાયાની સુવિધાઓ આપવા માટે લોકહિતાર્થ માંગણી કરે છે. હવે જોવાનું રહ્યું કે શું કલેકટર અને ટીડીઓ આ માંગણી સાંભળશે કે પછી આઝાદીના ૭૮ વર્ષે પણ લોકોને પાયાની સુવિધાઓ આપવામાં સ્થાનિક નિષ્ફળ રહ્યું છે. તેવુ સાબિત થશે તે તો આવનારો સમય જ બતાવશે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેકટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઇક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેકટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફલોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦



















# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની એન.સી.સી. વિભાગની કેડેટ્સે CATC-૩૦૫ CAMPમાં ભાગ લીધો






અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં ચાલતા મિકસ કોલેજ એન.સી.સી. ગર્લ્સ વિભાગની ૩૭ કેડેટ્સ બેલા તા. તળાજા, જી.ભાવનગર આતે તા. ૬/૫/૨૦૨૬ થી તા. ૧૫/૫/૨૦૨૬ દરમિયાન યોજાયેલ CATC-૩૦૫ CAMP-૨૦૨૬માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કેમ્પ દરમિયાન વિવિધ પ્રકારની પ્રવૃતિઓ સ્પર્ધામાં ઉતમ પ્રદર્શન કરી કોલેજનું ગૌરવ વધાર્યુ હતું. જેમાં કેમ્પ ફસ્ટ સિનિયર તરીકે SUO મુગલપરા રોમાન્સીએ ગોલ્ડ મેડલ તેમજ ડયુટ ડાન્સમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ. કેડેટ્ પટેલ અનુષ્કાએ બેસ્ટ ફાયરમાં થર્ડ રેન્કમાં ગોલ્ડ મેડલ પાયલોટિંગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ. કેડેટ્ સોલંકી સુનિતા સોલો સિંગિંગમાં ટીકન્ડ રેન્ક ગોલ્ડ મેડલ મેળવેલ. કેડેટ્ ચાટકીયા દિવ્યા ઈન્ટીવિઝયુઅલ ડ્રિલ કોમ્પિટિશન ફર્સ્ટ રેન્ક ગોલ્ડ મેડલ એન્કરિંગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ. કેડેટ્ ચૌહાણ મંતશા સોલો ડાન્સ સેકડ રેન્ક ગોલ્ડ મેડલ SUO ચાચિયા ઉર્મિલા પાયલોટિંગમાં ગોલ્ડ મેડલ મેળવેલ. કેમ્પ દરમિયાન કેડેટ્સને વિવિધ ડયુટી સોપવામા આવી હતી. જેમાં મેસ ડયુટી કેડેટ્ સોલંકી ભૂમિ અને કેડેટ્ ભાસ્કર રજનીકાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતાં. કેમ્પમાં વિવિધ સંસ્થાઓના નેવી એરફોર્સ આર્મીના કુલ ૫૮૦ એન.સી.સી. કેડેટ્સે ભાગ લીધેલ હતો. કેમ્પ દરમિયાન આ કોલેજની વિદ્યાર્થિનીઓએ કુલ ૧૧ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ઉતમ પ્રદર્શન રજુ કરેલ. ઉપરોકત વિશેષ સિદિધ બદલ વિદ્યાસભાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ અને કિશોરભાઈ મહેતા તેમજ વિદ્યાસભાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી અને કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. વિલાસબેન સોરઠીયા તથા સમગ્ર સ્ટાફગણે ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

પાના ૧ ઉપરનું ચાલું

## ૧૦ દિવસમાં ત્રીજી વખત પેટ્રોલ-ડીઝલનાં

વધારો કરવામાં આવ્યો છે. આ વધારા સાથે મે મહિનામાં અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલ અંદાજે ૫ રૂપિયા જેટલા મોંઘા થઈ ચૂક્યા છે.આ અગાઉ ૧૫ મેના રોજ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં એકસાથે ૩-૩ રૂપિયાનો મોટો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯ મેના રોજ ફરી પેટ્રોલ ૮૭ પૈસા અને ડીઝલ ૯૧ પૈસા મોંઘું થયું હતું. હવે શનિવારના વધારા બાદ દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૭ પૈસા વધીને ૯૮.૬૪ થી વધીને ૯૯.૫૧ પ્રતિ લીટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૯૧ પૈસા વધીને ૯૧.૫૮ થી ૯૨.૪૯ પ્રતિ લીટર પર પહોંચી ગઈ છે.દેશમાં ઈંધણની વધતી કિંમતો અને સપ્લાયને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અટકળો વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જનતાને આશ્વાસન આપ્યું છે. મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, ''સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઉપલબ્ધતા છે અને સપ્લાય ચેઈન સંપૂર્ણપણે સ્થિર છે. અમે તમામ નાગરિકોને અપીલ કરીએ છીએ કે તેઓ કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે અને જરૂરિયાત મુજબ જ ઈંધણ ખરીદે, પેનિક બાઈંગ (ગભરાટમાં આવીને વધુ ખરીદી કરવી) થી બચે.''મંત્રાલયે વધુમાં ઉમેર્યુ હતું કે, કેટલાક પસંદગીના પેટ્રોલ પંપો પર જે કામચલાઉ ભીડ કે દબાણ જોવા મળી રહ્યું છે તેને વહેલી તકે દૂર કરવામાં આવી રહ્યું છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (સ્ઝ્રજ) સતત સપ્લાય પર નજર રાખી રહી છે અને પરસ્પર તાલમેલ સાથે તેલનું વિતરણ સુનિશ્ચિત કરી રહી છે.


સંકુલ તમામ કોલેજ મોર્નિંગ
BA-B.Com.-B.Sc.-BBA-BCA
MA-M.Com.-M.Sc.-MBA-MCA
B.Pharm.-M.Pharm.-B.Ed.
PTC-DMLT – પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad 080


### વીડિયો વાયરલ બાદ પોલીસ તપાસ શરૂ

## પીડિતે ખોલ્યા સરખેજ ભારતી આશ્રમના હચમચાવતા કાળા રાજ

### ભારતી આશ્રમના ઈકાબાપુ નામના સંત પર યુવક સાથે અશ્લીલ હરકતો અને હસ્તમૈથુન કરાવવાનો આક્ષેપ

અમદાવાદ, તા. ૨૩

કોઈને કોઈ કારણે હંમેશા વિવાદોમાં ઘરેયેલો રહેતો શહેરના સરખેજ વિસ્તારમાં આવેલો ભારતી આશ્રમ હાલ ફરી એકવાર વિવાદમાં આવ્યો છે. આ વખતે કથિત રીતે સરખેજ ભારતી આશ્રમના એક સાધુ-સંત એક યુવક પાસે અશ્લીલ હરકતો કરાવતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ભારે હડકંપ મચ્યો છે. મળતી માહિતી મુજબ ભોગબનનાર પીડિત યુવકે પોતે જ ભારતી આશ્રમમાં સંતના કાળા રાજ ખુલ્લા પાડવાના ઈરાદેથી આ વીડિયો વાયરલ કર્યો હતો. જે બાદ આજે ૨૩મી તારીખે મીડિયા સમક્ષ આવી સમગ્ર મામલે પોતાનું નિવેદન આપતા આ મુદ્દો હાલ ફરી એકવાર ગરમાયો છે, ત્યારે સમગ્ર મામલે સરખેજ પોલીસે પીડિત યુવકની અરજી લઈ તેના આધારે તપાસ હાથ ધરી હોવાની માહિતી સામે આવી રહી છે. વિગતે વાત કરી તો, ગત ૧૮મી મેના રોજ સોશિયલ મીડિયામાં કથિત રીતે અમદાવાદ સરખેજ ભારતી આશ્રમના એક સાધુ-સંત એક યુવક પાસે અશ્લીલ હરકતો કરાવતા હોવાનો વીડિયો વાયરલ થયો હતો. જેના પાંચ દિવસ બાદ આજે ૨૩મી મેના રોજ ભોગબનનાર પીડિત યુવકે પોલીસ સ્ટેશને પહોંચી સમગ્ર મામલે અરજી આપી છે. બાદમાં ભોગબનનાર યુવકે આ મુદ્દે મીડિયા સમક્ષ આપવીતી વર્ણવતા હચમચાવતા ખુલાસા કર્યા છે.

સમગ્ર મામલે ભોગબનનાર પીડિત યુવકે જણાવ્યું હતું કે, હું અહીં અમદાવાદ નોકરી માટે આવ્યો હતો. મને વાત મળી કે અહીં સરખેજ ભારતી બાપુ આશ્રમમાં રહેવાની સગવડ થઈ જશે એટલે હું રહેવા માટે અહીંયાં આવી ગયો. જ્યાં ઈકાબાપુ નામના એક સંત સાથે મારી મુલાકાત થઈ હતી, મેં તેમની જોડે વાત કરી, તેમણે મને જમાડ્યો અને સંભાળ રાખી કહ્યું કે, અહીં તારી રહેવાની સુવિધા કરાવી દઈ અને તને નોકરી પણ અપાવી દઈશ.

આમ કહીને તેમને મને બેસાડ્યો અને કહ્યું કે બેટા જરા પગ દબાવી દેને, પછી તેઓ મને તેમના રુમમાં લઈ ગયા અમે રુમને અંદરથી લોક મારી દીધો. બાદમાં તેઓએ પોતાના શરીર પરથી તમામ ઉતારી દીધા અને નગ્ન અવસ્થામાં આવી ગયા. તેઓએ મને પણ કહ્યું કે, તું તારા કપડા ઉતારી નાખ, જેથી હું ગભરાઈ ગયો હતો અને મે તેમને કહ્યું હતું કે, તમે સંત છો બાપું મારે આવું કશુ નથી કરવું. જે બાદ તેઓએ મને પડકીને બેસાડ્યો અને મારી પાસેથી પરાણે કપડા ઉતરાવડાવ્યા, બાદમાં કહ્યું કે, કંઈ વાંધો નહીં બટા, સંતોની સામે શરમ ન હોય!

એમ કહી તેઓએ મને એમના બેડ પર સુવડાવી દીધો અને બાદમાં મારી પાસે અશ્લિલ કામ કરાવડાવ્યું, શરીરની માલિશ કરાવડાવી અને હસ્તમેથુન કરાવડાવ્યું. બાદમાં તેઓએ મને કહ્યું કે, આ વાત આપણી બંને વચ્ચે જ રહેવી જોઈએ, અન્ય કોઈને જણાવતો નહીં, નહીંતર અહીંયા આટલા આટલા કોન્ટેક્ટ છે, ટ્રસ્ટી મુકેશ પટેલ છે. તેઓના કોન્ટેક્ટ બહું ઉંચા છે એટલે તને ખબર છે કે તારી સાથે શું શું થઈ શકે, તુ એક નથી, તારી જેવા કેટલાક છોકરા જેઓ PGમાં રહે છે એ આવી સેવા કરે જ છે.

ઈકાબાપુએ આ વસ્તુ મારી સાથે એક વાર નહીં પણ પાંચથી ૬ વાર કરેલી છે. છે બાદ છેલ્લે મે કંટાળીને નક્કી કર્યુ કે મારે આ વસ્તુ નથી કરવી અને કોઈ બીજા જોડે પણ આ વસ્તુ ન થવી જોઈએ અહીં આશ્રમમાં. સંત જેને બધા બહાર ભગવાન માને છે એનું કાળું સત્ય બહાર આવું જ પડે એ જરૂરી છે, કારણ કે સંત માણસો ક્યારેય આવા અશ્લિલ કામ કરે નહીં, જેથી હું આ મામલે કડક કાર્યવાહી થાય તેવી માંગ અને આશા રાખું છું.

### એસપીની સુચનાથી સિટી પોલીસની કામગીરી

## અમરેલીમાંથી ૪ મહિના પહેલા સગીરાનું અપહરણ કરનાર આરોપીની અટકાયત

### બોટાદનાં સરવઈ ગામથી કરાઈ અટકાયત

અમરેલી, તા. ૨૩

અમરેલી સિટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ. ઝાલાનાં માર્ગદર્શન હેઠળ અમરેલી સિટી પોલીસ સ્ટેશનના સ્ટાફને જરૂરી માર્ગદર્શન તેમજ સુચના આપવામાં આવેલ અને અમરેલી સિટી પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય



સંહિતાની કલમ-૧૩૭(૨) મુજબના ગુનામાં સગીરવયની કિશોરીનું ચારેક મહિના પહેલા અજાણ્યા ઈસમ ધ્વારા અપહરણ કરનાર બોટાદ જિલ્લાના નવી સરવઈ ગામે રહેતા આરોપી હિંમતભાઈ ડાયાભાઈ પરમાર નામના ઈસમને શોધી કાઢી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ પદે

જોવા મળ્યો હતો.

જિલ્લા પંચાયતનાં સુકાનીઓની ચૂંટણી બાદ ઉર્જા અને કાયદામંત્રી કૌશિક વેકરીયા સહિત ભાજપનાં અનેક આગેવાનો દ્વારા નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ભાજપનાં આગેવાનોએ જિલ્લા વિકાસનાં કાર્યોને વધુ ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરી હતી.

નવનિયુક્ત હોદ્દેદારોએ પણ જિલ્લા વિકાસ, ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓના વિસ્તરણ અને લોકોના પ્રશ્નોનાં ઝડપી નિરાકરણ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જિલ્લા પંચાયતની નવી બોડી આગામી સમયમાં વિકાસલક્ષી કાર્યોને પ્રાથમિકતા આપશે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## મોંઘવારીને કાબુમાં લેવા માટે

પત્રમાં જણાવાયું છે કે ડીઝલના વધતા ભાવના કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચ વધી રહ્યો છે, જેના સીધા પ્રભાવ રૂપે ખાદ્ય પદાર્થો, શાકભાજી, દૂધ, કૃષિ ઉત્પાદન અને દૈનિક ઉપયોગની વસ્તુઓ મોંઘી બની રહી છે. ખેડૂતો માટે ખેતી ખર્ચમાં વધારો થયો છે જયારે સામાન્ય નાગરિકો માટે ઘરખર્ચ ચલાવવો મુશ્કેલ બન્યો છે. ગામડાઓમાં ડીઝલની અછત અને વધતા ખર્ચ અંગે લોકોમાં ચિંતા પણ વધી રહી છે.

પેટ્રોલ અને ડીઝલ પર લાગતા વેટમાં તાત્કાલિક ઘટાડો કરવામાં આવે. ટ્રાન્સપોર્ટ ક્ષેત્રને રાહત મળે તે માટે વિશેષ કરરાહત આપવામાં આવે.

ખેડૂતો અને આવશ્યક સેવાઓ માટે ડીઝલ પર સબસિડી અથવા રાહત યોજના અમલમાં મૂકવામાં આવે.

મોંઘવારી નિયંત્રણ માટે રાજય સરકાર દ્વારા ખાસ પગલાં લેવામાં આવે.

વધુમાં જણાવ્યું હતું કે રાજય સરકાર જનહિતને પ્રાથમિકતા આપી તાત્કાલિક નિર્ણય લેશે તો સામાન્ય જનતાને મોટી રાહત મળશે, ટ્રાન્સપોર્ટ ખર્ચ ઓછો થશે અને બજારમાં મોંઘવારી પર નિયંત્રણ લાવવામાં મદદ મળશે.


સંકુલ ગર્લ્સ સાયંસ બપોર
સંકુલ મિશ્ર સાયંસ સવાર
સંકુલ EM સાયંસ સવાર
ધો. ૧૧-૧૨ બાયો-મેથ્સ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad 078


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૯૦ | ૧૨૦૦ |
| ૨ | ઘઉં | ૪૨૩ | ૪૫૨ |
| ૩ | ચણા | ૧૦૦૫ | ૧૧૦૦ |
| ૪ | તુવેર | ૧૦૬૦ | ૧૨૧૫ |
| ૫ | ધાણા | ૧૫૨૦ | ૨૩૭૦ |
| ૬ | મગ | ૧૫૯૦ | ૧૬૨૨ |
| ૭ | અડદ | ૧૬૫૫ | ૧૬૫૫ |
| ૮ | એરંડા | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ૯ | શીંગ ફાડા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | મેથી | ૧૨૯૦ | ૧૨૯૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૪૦ | ૧૩૫૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૩ | શિંગ મોટી | ૧૧૭૦ | ૧૫૭૦ |
| ૪ | શિંગદાણા | ૧૮૪૫ | ૨૦૮૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૮૩૫ |
| ૬ | તલ સફેદ | ૧૨૭૫ | ૨૬૪૫ |
| ૭ | તલ કાળા | ૨૧૮૫ | ૩૫૨૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૨૩૦ | ૨૩૦૦ |
| ૯ | બાજરો | ૪૮૫ | ૫૦૦ |
| ૧૦ | જુવાર | ૪૦૫ | ૮૭૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૧૦ | ૪૭૫ |
| ૧૩ | મગ | ૧૧૯૦ | ૧૬૮૦ |
| ૧૪ | અડદ | ૧૨૮૦ | ૧૫૩૮ |
| ૧૫ | ચણા | ૧૦૦૫ | ૧૧૪૦ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૧૭ | સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૫૫ |
| ૧૮ | ચોળી | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૯ | તુવેર | ૧૦૦૦ | ૧૫૫૫ |
| ૨૦ | કપાસ | ૧૦૪૦ | ૨૦૧૦ |
| ૨૧ | એરંડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૨૨ | જીરૂ | ૨૨૬૦ | ૩૭૫૦ |
| ૨૩ | રાય | ૧૦૦૦ | ૧૪૪૫ |
| ૨૪ | ધાણી | ૧૮૮૦ | ૨૫૫૦ |
| ૨૫ | મેથી | ૧૧૦૦ | ૧૨૭૫ |
| ૨૬ | સોયાબીન | ૧૦૩૦ | ૧૫૧૫ |
| ૨૭ | રજકાનું બી | ૬૨૦૦ | ૬૩૨૫ |
| ૨૮ | સુવાદાણા | ૧૨૭૦ | ૧૪૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૫૨૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૬૫ |
| ૩ | શીંગ નવી | ૧૨૫૦ | ૧૭૩૧ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૪૧૨ |
| ૬ | જીરૂ | ૨૫૫૦ | ૩૫૪૧ |
| ૭ | કપાસ | ૧૬૦૦ | ૧૮૭૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૨૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૩૦ |
| ૧૨ | મકાઈ | ૩૮૦ | ૪૫૦ |
| ૧૩ | મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ૧૪ | અડદ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૧૫ | ચણા | ૧૦૫૦ | ૧૧૪૫ |
| ૧૬ | દેશી ચણા | ૧૦૭૦ | ૧૧૨૦ |
| ૧૭ | તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૮ | એરંડી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૧૯ | મેથી | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ૨૦ | રાય/રાયડો | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૨૧ | ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૨૨ | સોયાબીન | ૧૩૫૬ | ૧૪૮૦ |
| ૨૩ | કલોંજી | ૩૦૫૦ | ૩૧૬૮ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૫૨ | ૧૭૮૦ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૩૮૧ |
| ૩ | ચણા | ૧૦૩૨ | ૧૦૭૩ |
| ૪ | સોયાબીન | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૫ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૧૬ |
| ૬ | તલ કાળા | ૩૧૯૯ | ૩૨૯૯ |
| ૭ | તુવેર | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ૮ | ઘઉં | ૪૦૦ | ૪૩૯ |
| ૯ | એરંડા | ૧૨૨૧ | ૧૨૩૫ |
| ૧૦ | બાજરો | ૪૩૩ | ૪૩૩ |
| ૧૧ | મગ | ૧૬૫૬ | ૧૬૫૬ |
| ૧૨ | મેથી | ૧૧૭૧ | ૧૧૭૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૦ | ૧૬૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૮૦ | ૪૪૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૪ | ૪૪૪ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૭૯ |
| ૫ | ધાણા | ૨૧૧૦ | ૨૨૬૫ |
| ૬ | ચણા સફેદ | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૭ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ૮ | મગફળી | ૯૦૫ | ૧૩૦૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૪૯૦ |
| ૧૦ | સોયાબીન | ૧૩૫૧ | ૧૩૬૧ |
| ૧૧ | શીંગફાડા | ૧૪૬૦ | ૧૬૬૦ |
| ૧૨ | તુવેર | ૧૦૪૦ | ૧૩૧૦ |
| ૧૩ | મગ | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૧૪ | લસણ | ૪૩૫ | ૧૦૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૬૫ | ૧૩૬૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૦ | ૨૩૦૦ |
| ૫ | તલ કાળા | ૨૮૯૦ | ૩૧૦૦ |
| ૬ | જીરૂ | ૨૭૭૦ | ૩૭૦૦ |
| ૭ | ચણા | ૧૦૯૫ | ૧૧૨૫ |
| ૮ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૯ | એરંડા | ૧૦૪૦ | ૧૨૦૦ |
| ૧૦ | મગ | ૧૪૪૦ | ૧૬૭૦ |
| ૧૧ | તુવેર | ૧૧૩૫ | ૧૪૧૫ |
| ૧૨ | ધાણા | ૧૫૨૫ | ૨૪૬૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૪૫૨ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૧ | ૨૪૯૦ |
| ૩ | તલ કાળા | ૨૨૨૦ | ૩૧૭૫ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૮૫૮ |
| ૫ | બાજરો | ૩૩૨ | ૫૩૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૦૦ |
| ૭ | જુવાર | ૪૫૧ | ૯૬૬ |
| ૮ | મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| ૯ | મગ | ૧૬૦૦ | ૧૬૬૬ |
| ૧૦ | અડદ | ૧૪૦૦ | ૧૫૦૧ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૩૬૧ |
| ૧૨ | ચણા | ૬૦૦ | ૧૦૯૦ |
| ૧૩ | જીરૂ | ૨૫૦૧ | ૩૮૦૦ |
| ૧૪ | ધાણા | ૧૮૦૦ | ૨૪૦૦ |
| ૧૫ | રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |

### વિદેશ મંત્રી બન્યા બાદ માર્કો રૂબિયોનો આ પ્રથમ ભારત પ્રવાસ

# પીએમ મોદી અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો વચ્ચે બેઠક થઈ

**સુરક્ષા, વેપાર, ક્રિટિકલ ટેકનોલોજી અને ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સહયોગ જેવા મહત્વના મુદ્દાઓ પર મંથન થયું : મોદીને અમેરિકા આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું**

નવી દિલ્હી, તા.૨૩

ફેબ્રુઆરી ૨૦૨૫માં પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત બાદ આ પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક; સુરક્ષા, વેપાર અને ક્રિટિકલ ટેકનોલોજી પર થઈ વ્યાપક ચર્ચા થઈ હતી. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો ભારતના પ્રવાસે નવી દિલ્હી આવી પહોંચ્યા છે, જ્યાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક કરી હતી. વિદેશ મંત્રી બન્યા બાદ માર્કો રૂબિયોનો આ પ્રથમ ભારત પ્રવાસ છે. આગામી ૨૬ તારીખે યોજાનારી ક્વાડ (Quad) દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પહેલાં યોજાયેલી આ દ્વિપક્ષીય મુલાકાતને ભારત-અમેરિકાના વ્યૂહાત્મક સંબંધો માટે ખૂબ જ મહત્વની માનવામાં આવી રહી છે.

સુરક્ષા, વેપાર, ક્રિટિકલ ટેકનોલોજી અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સહયોગ જેવા મહત્વના મુદ્દાઓ પર વિગતવાર મંથન થયું હતું. આ બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તાવાર રીતે અમેરિકા આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. બેઠકમાં ભારતીય પક્ષ તરફથી વિદેશ મંત્રી એસ. જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ પણ હાજર રહ્યા હતા. દિલ્હી બાદ યુએસ વિદેશ મંત્રી જયપુર, આગ્રા અને કોલકાતાની પણ મુલાકાત લેશે.

અમેરિકી વિદેશ મંત્રી સાથેની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને આ બેઠક અંગે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે લખ્યું કે, "ભારત અને અમેરિકા દુનિયાની ભલાઈ માટે આગળ પણ સાથે મળીને કામ કરતા રહેશે."

આશરે એક કલાક સુધી ચાલેલી આ હાઈ-પ્રોફાઈલ બેઠકમાં મુખ્યત્વે અનેક મુદ્દાઓ પર સહમતી અને રણનીતિ ઘડવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે બંને દેશો વચ્ચેના સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત કરવા અને દ્વિપક્ષીય વેપારને નવી ગતિ આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ભવિષ્યની નવી અને આધુનિક ટેકનોલોજીના ક્ષેત્રમાં પરસ્પર સહયોગ વધારવા અંગે ચર્ચા થઈ હતી.

હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં દરિયાઈ માર્ગોની સ્વતંત્રતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બંને દેશોના નૌકાદળ અને વ્યૂહાત્મક સહયોગને વધારવા પર વાત થઈ.

અમેરિકી વિદેશ મંત્રીનો આ પ્રવાસ માત્ર દિલ્હી પૂરતો સીમિત નથી, પરંતુ તેઓ ભારતના અન્ય સાંસ્કૃતિક અને આર્થિક કેન્દ્રોની પણ મુલાકાત લેવાના છે. પીએમ મોદી સાથે મુલાકાત અને રવિવારે દ્વિપક્ષીય વાર્તાનો બીજો રાઉન્ડ. ત્યાર બાદ જયપુર અને આગ્રાની વિવિધ સંસ્થાઓ અને પ્રતિનિધિઓ સાથે મુલાકાત. કોલકાતામાં પ્રવાસના ભાગરૂપે પૂર્વ ભારતના આ મુખ્ય શહેરની મુલાકાત. ૨૬ મે (ક્વાડ બેઠક)માં ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની પરિષદમાં ભાગ લેશે, જ્યાં વૈશ્વિક અને પ્રાદેશિક સુરક્ષા પર મોટી ચર્ચા શક્ય છે.

ટ્રમ્પ પ્રશાસન દ્વારા માર્કો રૂબિયોને ભારત મોકલવા અને પીએમ મોદીને વોશિંગ્ટનનું આમંત્રણ આપવું એ દર્શાવે છે કે બદલાતા વૈશ્વિક સમીકરણો વચ્ચે અમેરિકા ભારત સાથેની દોસ્તીને ટોચની પ્રાથમિકતા આપી રહ્યું છે.

### વડાપ્રધાને રાજ્યના સ્થાનિક પર્યટનસ્થળોએ ફરવા જવા જાહેર અપીલ કરી હતી

# મધ્યમ વર્ગમાં ઘરઆંગણે ઓછાં ખર્ચે મજા : ડે પિકનિકનું ચલણ વધ્યું

**છેલ્લી ઘડીએ બુકિંગ રદ થતા કેટલાકે પરિવારો સાથે 'રિસોર્ટ'માં વીકએન્ડ માણી વેકેશન માણ્યું**

અમદાવાદ, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક કટોકટીના સમયમાં દેશવાસીઓને વિદેશ પ્રવાસ ન ખેડી દેશ-રાજ્યના સ્થાનિક પર્યટનસ્થળોએ ફરવા જવા જાહેર અપીલ કરી હતી. આ અપીલને અમદાવાદીઓએ આવકારી છે, એટલું જ નહીં, વેકેશનમાં પરિવાર સાથે વિદેશ કે અન્ય રાજ્યોના પ્રવાસન સ્થળોએ જવાને બદલે અમદાવાદની આજુબાજુમાં આવેલા રિસોર્ટમાં જ પરિવાર સાથે વીકએન્ડ ગાળવા અથવા ડે પિકનિકનો વિકલ્પ અપનાવ્યો છે. વડાપ્રધાનની જાહેર અપીલની એવી અસર થઈ છે કે, અમદાવાદ આસપાસ આવેલા રિસોર્ટની ઈન્ક્વાયરીમાં ૨૦૦ ટકાનો તોતીંગ વધારો થયો છે. ૧૫ દિવસ પહેલા ડે પીકનિક માટે ગણ્યાગાંઠ્યા લોકો પૂછપરછ કરતા હતા, પરંતુ છેલ્લા એક સપ્તાહમાં વીકએન્ડ (શનિ-રવિ, બે દિવસ) અને ડે પીકનિક માટે ખાસ્સી એવી પૂછપરછ જ નહીં, પરંતુ અનેક પરિવારોએ બુકિંગ પણ કરાવી લીધું છે. સાથોસાથ કોર્પોરેટ જૂથો પણ એન્યુઅલ, કોર્પોરેટ મીટિંગ કે અન્ય ઈવેન્ટ માટે રિસોર્ટ બુક કરવા લાગ્યા છે.ગુજરાતમાં ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષા પૂરી થયા બાદ કેટલાક પરિવારોએ વિદેશ પ્રવાસ માટે લક્ષદ્વીપ, મોરેશિયસ, બાલી અને યુરોપના દેશો જ્યારે મધ્યમ વર્ગીય પરિવારોએ દેશમાં જ જમ્મુ-કાશ્મીર, હિમાલય પ્રદેશ, સિક્કિમ તો કેટલાક ગુજરાતી પરિવારોએ 'સસ્તુ ભાડુ ને સિદ્ધપુરની જાત્રા'ની ઉક્તિને અનુસરીને નજીકના આબુ, ઉદેપુર, કુંભલગઢ, જેસલમેર જેવા સ્થળોએ વેકેશન ગાળવાનું આગોતરું આયોજન કર્યું હતું. જેમાંથી કેટલાક પરિવારોને કોઈ કારણસર બુકિંગ કે ટિકિટની સમસ્યા થઈ અને એ સમયગાળામાં જ વડાપ્રધાને જાહેર અપીલ કરતા આવા પરિવારોએ ટૂર કેન્સલ કરીને ઓછા ખર્ચમાં ગુજરાતમાં જ મજા માણવાનો નિર્ણય કર્યો. વડાપ્રધાનની અપીલ અને લોકોની પૂછપરછ જોતા રિસોર્ટ માલિકોએ વાજબી ભાવે પેકેજ ઓફર કરીને ધંધો કરવાની તક ઝડપી લીધી છે. અમદાવાદના એક બુટિક રિસોર્ટના માલિક મિલિન્દ શાહ કહે છે કે, વડાપ્રધાનની અપીલને ગુજરાતીઓએ આવકારી છે, એટલું જ નહીં, અમલમાં પણ મૂકી છે. જાહેર અપીલ બાદ ખૂબ જ ટૂંકા સમયમાં તેમણે ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓની છ મોટી ઈવેન્ટ કરી છે અને ૨૦૦થી વધુ ડે પીકનિકના બુકિંગ મેળવ્યા છે. તેઓ કહે છે કે, અમારો રિસોર્ટ અન્ય રિસોર્ટ કરતા અલગ-બુટિક રિસોર્ટ છે. જે લોકોને અલગ પ્રકારની અનુભૂતિ કરાવે છે. ઈન્ડોર-આઉટડોર ગેમ્સ અને સ્વિમિંગ પુલ સહિતના આકર્ષણ તો ખરા જ. ઈવેન્ટ મેનેજમેન્ટના ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રો કહે છે કે, મોંઘવારી અને સમયને અભાવે હવે અનેક પરિવારોમાં નજીકના સ્થળોએ વીકએન્ડ અથવા બે-ત્રણ દિવસના 'આઉટીંગ'નો ટ્રેન્ડ વધી રહ્યો છે. જેમાં અનેક લોકો પરિવાર સાથે પોતાના બજેટમાં એન્જોય કરે છે. કેટલીક કંપનીઓ પણ લોકલ ડેસ્ટિનેશનમાં ઈવેન્ટ માટે પૂછપરછ કરી રહી છે અને બજેટ મુજબ અમે તેમને આયોજન કરી આપીએ છીએ.જોકે, ટૂર ઓપરેટરોને દર વર્ષની માફક આ વર્ષે પણ વેકેશનની સિઝન ફળી છે. ઉનાળુ વેકેશનમાં હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર સહિત ઠંડા પ્રદેશોની ટૂર કરાવતા એક ઓપરેટર કહે છે કે, સામાન્ય રીતે પરીક્ષાઓ પહેલા એટલે કે ફેબ્રુઆરીમાં જ પૂછપરછ અને મોટાભાગે બુકિંગ શરૂ થઈ જાય છે. ગુજરાતીઓમાં પહેલેથી જ ઠંડા રાજ્યોમાં વેકેશન માણવાનું ચલણ છે.

### કોકરોચ જનતા પાર્ટીની વેબસાઈટ ડાઉન

# CJP ફાઉન્ડરનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ હેક થયાનો દાવો

**તેમની પાર્ટીનું બેકઅપ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ થોડા સમય માટે બંધ કરી દેવામાં આવ્યું હતું, જોકે તેને બાદમાં ફરી શરૂ કરી દેવાયું છે**

નવી દિલ્હી,તા.૨૩

ઈન્ટરનેટ પર અત્યારે વાઈરલ થઈ રહેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના ફાઉન્ડર અભિજીત દીપકેએ એક ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે તેમનું પર્સનલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરી લેવામાં આવ્યું છે અને તમામ પ્રયાસો કરવા છતાં તેઓ હવે તેને ઍક્સેસ કરી શકતા નથી. દીપકેએ પોતાના અંગત X એકાઉન્ટ પર આ માહિતી શેર કરતા એમ પણ કહ્યું કે, તેમની પાર્ટીનું બેકઅપ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ થોડા સમય માટે બંધ કરી દેવામાં આવ્યું હતું, જોકે તેને બાદમાં ફરી શરૂ કરી દેવાયું છે.

બીજી બાજુ ગૂગલ પર કોકરોચ જનતા પાર્ટીની વેબસાઈટ પણ બંધ આવી રહી છે. આ સાઈટ પર તમે પહોંચી નહીં શકો તેવો મેસેજ જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રના વતની અને હાલ બોસ્ટનમાં રહેતા અભિજીત દીપકેએ આ ઘટના બાદ પોતાની સુરક્ષાને લઈને ચિંતા અને પોતાના પર સકંજો કસાવાનો ડર પણ વ્યક્ત કર્યો છે. મહત્ત્વનું છે કે, તાજેતરમાં સીજેઆઈ સૂર્યકાંત દ્વારા યુવાનોને લઈને કરવામાં આવેલી 'કોકરોચ'વાળી ટિપ્પણી બાદ આ પાર્ટી સોશિયલ મીડિયા પર અચાનક લોકપ્રિય થઈ ગઈ છે.

બીજી તરફ, 'કોકરોચ જનતા પાર્ટી'નું સત્તાવાર X હેન્ડલ ભારતમાં બ્લોક કરી દેવામાં આવ્યું છે, જોકે અન્ય દેશોમાં તેને હજુ પણ જોઈ શકાય છે. આ તમામ અવરોધો વચ્ચે પણ ઈન્સ્ટાગ્રામ પર આ પેજે ભાજપ અને કોંગ્રેસ જેવી મોટી રાજકીય પાર્ટીઓને પણ પાછળ છોડી દીધી છે. ઈન્સ્ટાગ્રામ પર આ એકાઉન્ટ પર માત્ર ૮૦ જેટલી જ પોસ્ટ મૂકવામાં આવી છે, તેમ છતાં તેના ફોલોઅર્સની સંખ્યા ૨.૧૮ કરોડને પાર પહોંચી ગઈ છે. આ આંકડા દર્શાવે છે કે આ વ્યંગ્યાત્મક અભિયાન ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર કેટલી ઝડપથી વાઈરલ થઈ રહ્યું છે.આ અનોખા અભિયાનને હવે વિરોધ પક્ષોનો પણ મોટો સાથ મળી રહ્યો છે.કેરળમાં કોંગ્રેસ, તેની સહયોગી પાર્ટી આઈયુએમએલ (IUML) અને વિપક્ષી દળ માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી (માકપા)ના ઘણા યુવા નેતાઓએ આ ઝુંબેશને સમર્થન આપ્યું છે. નવનિર્વાચિત ધારાસભ્ય અબિન વર્કી (કોંગ્રેસ), પી કે નવાસ અને ટી પી અશરફઅલી (IUML), તેમજ વી કે સનોજ (માકપા)એ શુક્રવારે સીજેપીના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો હતો. આ સિવાય વિદ્યાર્થી સંગઠન 'સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા' (SFI)ના પ્રદેશ પ્રમુખ એમ શિવપ્રસાદે પણ આ અભિયાનની તરફેણમાં વાત કરી છે.

### ૮૦ વર્ષ જૂના એર્ડોસ પ્રોબ્લેમનું 'એઆઈ સોલ્યુશન'

# ઓપનએઆઈ ગણિતના સૌથી અઘરા સવાલના ઉકેલની એકદમ નજીક પહોંચ્યું

**જાણીતી ગણિતજ્ઞા ટેરેન્સ તાઓએ આ ઘટનાને ગણિતના ઈતિહાસની સૌથી મહત્ત્વપૂર્ણ ગણાવી**

કેલિફોર્નિયા, તા.૨૩

છેલ્લા ઘણા સમયથી એઆઈની ક્ષમતાઓમાં વધારો થઈ રહ્યો છે. તેની નવી સિદ્ધિએ ગણિતજ્ઞાોને આશ્ચર્યમાં મૂકી દીધા છે. ઓપનએઆઈના એઆઈ મોડલે ૮૦ વર્ષથી મૂંઝવતા ગણિતના સૌથી અઘરા સવાલના ઉકેલ તરફ પ્રગતિ કરી છે. આ ઉલ્લેખનીય છે કે, એર્ડોશ પ્રોબ્લેમને હંગેરીના ગણિતજ્ઞા પોલ એર્ડોશે ૧૯૪૬માં રજૂ કર્યો હતો. દુનિયાભરના શ્રેષ્ઠ ગણિતજ્ઞાો તેને ઉકેલવાનો પ્રયત્ન દાયકાઓથી કરી રહ્યા હતા. આ સમસ્યા પ્લેનર યુનિટ ડિસ્ટન્સ પ્રોબ્લેમ તરીકે ઓળખાય છે. સરળ ભાષામાં કહીએ તો, કોઈ સમતલ સપાટી પર કેટલી રીતે બિંદુઓ ગોઠવી શકાય કે જેમાં સૌથી વધુ બિંદુ-જોડીઓ વચ્ચેનું અંતર ચોક્કસ એક યુનિટ રહે, એ પ્રશ્નનો જવાબ શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી માનવામાં આવતું હતું કે ચોરસ ગ્રીડ જેવી ગોઠવણી સૌથી શ્રેષ્ઠ છે. પરંતુ ઓપનએઆઈના એઆઈ મોડલે એવી નવી ગોઠવણી શોધી કે જેણે જૂની માન્યતાઓને ખોટી સાબિત કરી. આ પહેલીવાર છે જ્યારે એઆઈ દ્વારા આપવામાં આવેલો ગણિતીય પુરાવો એટલો મજબૂત માનવામાં આવી રહ્યો છે કે જો માનવ ગણિતજ્ઞાોએ એકલા તૈયાર કર્યો હોત તો તે ગણિતની સૌથી પ્રતિષ્ઠિત જર્નલોમાં પ્રકાશિત થઈ શક્યો હોત. એઆઈએ આ ઉકેલ માટે ખૂબ જ ઊંડા ગણિતીય ક્ષેત્રો જેવા કે, અલ્જેબ્રિક નંબર થિયરીનો ઉપયોગ કર્યો. ઉલ્લેખનીય છે કે, આ રીત વિશે માનવ ગણિતજ્ઞાોએ પહેલાં વિચાર્યુ પણ નહોતું. જાણીતા ગણિતજ્ઞા ટેરેન્સ તાઓ સહિતના નિષ્ણાતોએ આ ઘટનાને ગણિતના ઈતિહાસમાં મહત્વપૂર્ણ ગણાવી છે. હાલમાં આખી મૂળ સમસ્યા સંપૂર્ણ રીતે ઉકેલાઈ ગઈ નથી, પરંતુ એઆઈ દ્વારા મળેલો આ નવો પુરાવો અને નવી દિશા ગણિતના ક્ષેત્રમાં ક્રાંતિ સમાન માનવામાં આવી રહી છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭



શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી

www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી


### બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને સાંસદે પણ કર્યો બચાવ

# કોકરોચ જનતા પાર્ટી પર ભડકી ભાજપ ! NIA તપાસની માંગ

**કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે આ મામલે નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા તપાસ કરવાની માંગ કરી છે**

નવી દિલ્હી,તા.૨૩

સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવનાર કોકરોચ જનતા પાર્ટી (CJP) કેમ્પેઈન હવે દેશના રાજકારણમાં એક મોટો વિવાદ બની ગયું છે. ભાજપે આ વ્યંગાત્મક સોશિયલ મીડિયા અભિયાનને ભારતને અસ્થિર કરવા માટેનું ક્રોસ-બોર્ડર ઈન્ફ્લુઅન્સ ઓપરેશન ગણાવ્યું છે. કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે આ મામલે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા તપાસ કરવાની માંગ કરી છે.

કોકરોચ જનતા પાર્ટી (CJP) નામના ઈન્સ્ટાગ્રામ પેજ પર ૨.૧૯ કરોડથી વધુ ફોલોઅર્સ થઈ ચૂક્યા છે. પીએમ નરેન્દ્ર મોદીની સરકાર અને ભારતની પ્રગતિને રોકવા માટે આ એક આયોજિત ટૂલ છે, જેમાં દેશના વિપક્ષી નેતાઓ પણ સામેલ છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ કરીને સોશિયલ મીડિયા, બોટ્સ અને AI ના હથિયાર તરીકે ઉપયોગ કરીને નકલી નેરેટિવ ઊભું કરાઈ રહ્યું હોવાનો પણ દાવો કર્યો છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની એક કથિત ટિપ્પણી બાદ આ કેમ્પેઈન શરૂ થયું હતું. કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "કોકરોચ જનતા પાર્ટીની આ ચાલ ભારત અને પીએમ મોદીની સરકારને નિશાન બનાવતું એક ક્લાસિક ક્રોસ-બોર્ડર ઓપરેશન છે. આ ચોક્કસ હિત ધરાવતા જૂથો દ્વારા ભારતને અસ્થિર કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે અને આપણા વિપક્ષના કેટલાક તત્વો તેમને મદદ કરી રહ્યા છે."

ચંદ્રશેખરે દાવો કર્યો કે, કોરોના મહામારી, રશિયા-યુક્રેન યુદ્ધ, અમેરિકા-ઈરાન તણાવ અને ચીની આક્રમકતા છતાં પીએમ મોદીએ ભારતીય અર્થતંત્રને સુરક્ષિત રાખ્યું છે. આ જ કારણે વૈશ્વિક સ્તરે કેટલાક દેશો ભારતની આ પ્રગતિની ઈર્ષ્યા કરી રહ્યા છે અને અવરોધો ઊભા કરવાનો પ્રયાસ કરે છે. કોઈ કોકરોચ, કોઈ તુચ્છ વિપક્ષી રાજકારણી, કોઈ મોદી-વિરોધી કે કોઈ વિદેશી હિત ધરાવતું જૂથ તમામ ભારતીયોના સારા ભવિષ્યના સંકલ્પને ડગાવી શકશે નહીં.આ મહિનાની શરૂઆતમાં આમ આદમી પાર્ટીના પૂર્વ પોલિટિકલ કમ્યુનિકેશન સ્ટ્રેટેજિસ્ટ દીપકે એક વ્યંગાત્મક અભિયાન તરીકે CJP ની શરૂઆત કરી હતી. આ કેમ્પેઈન ત્યારે વાયરલ થયું જ્યારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંત દ્વારા બેરોજગારો પ્રત્યે કથિત રીતે કરવામાં આવેલી એક ટિપ્પણી સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની. યુવાનોમાં આ બાબતે ભારે નારાજગી જોવા મળી અને જોતજોતામાં આ સેટાયર પેજના ફોલોઅર્સ કરોડોમાં પહોંચી ગયા. જોકે, ચીફ જસ્ટિસે પાછળથી સ્પષ્ટતા કરી હતી કે, તેમની ટિપ્પણી કાયદેસરના વકીલો માટે નહીં, પરંતુ નકલી અને બોગસ ડિગ્રી ધરાવતા લોકો માટે હતી.

ભાજપના રાજ્યસભા સાંસદ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) ના ચેરમેન મનન કુમાર મિશ્રાએ પણ આ મામલે ઊંડી તપાસની માંગને સમર્થન આપ્યું છે. તેમણે જણાવ્યું કે ચીફ જસ્ટિસના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે. મનન કુમારે દાવો કર્યો કે, "કોર્ટ પરિસરમાં કાળો કોટ પહેરીને ફરતા અંદાજે ૩૫ થી ૪૦ ટકા લોકો નકલી છે. તેમની ડિગ્રીઓ બોગસ છે અને તેઓ ક્યાંકથી ખરીદીને વકીલાત કરી રહ્યા છે. ચીફ જસ્ટિસની ટિપ્પણી આવા લોકો સામે હતી. મિશ્રાએ ઉમેર્યું કે, ભારતીય બાર કાઉન્સિલના નેતા તરીકે તેઓ ટૂંક સમયમાં આ અંગે મીડિયા સમક્ષ સત્તાવાર નિવેદન પણ જાહેર કરશે.

### નોંધણીની મુદત ૫ જૂને થઇ રહી છે પુરી

# UP માં વક્ફ મિલકતો પર કડક કાર્યવાહી, ૩૧ હજારથી વધુ નોંધણી રદ

**વક્ફ ટ્રિબ્યુનલે ઉત્તર પ્રદેશ સુન્ની અને શિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડની અપીલ બાદ નોંધણી માટેની મુદત વધારી આપી હતી**

લખનઉ,તા.૨૩

ઉત્તર પ્રદેશમાં વક્ફ મિલકતોના ડિજિટાઈઝેશન અને વહીવટમાં પારદર્શિતા લાવવા માટે હાલમાં એક વ્યાપક સફાઈ ઝુંબેશ ચાલી રહી છે. આ પ્રક્રિયા અંતર્ગત દસ્તાવેજોની ચકાસણી દરમિયાન મોટા પાયે ગેરરીતિઓ અને વિસંગતતાઓ સામે આવી છે, જેના કારણે અત્યાર સુધીમાં ૩૧૦૦૦થી વધુ વક્ફ મિલકતોની નોંધણી રદ કરી દેવામાં આવી છે.

કેન્દ્ર સરકારના 'ઉમીદ' પોર્ટલ પર ચાલી રહેલી આ પ્રક્રિયામાં લીધેલા આકરા પગલાંથી અસંખ્ય જૂના કબ્રસ્તાનો અને દરગાહો (મજારો) ના અસ્તિત્વ પર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે.લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા ગયા વર્ષે ૫ જૂને 'ઉમીદ' પોર્ટલ શરૂ કરવામાં આવ્યું હતું. વક્ફ ટ્રિબ્યુનલે ઉત્તર પ્રદેશ સુન્ની અને શિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડની અપીલ બાદ નોંધણી માટેની મુદત વધારી આપી હતી, જેની અંતિમ તારીખ આગામી ૫ જૂનના રોજ પૂર્ણ થઈ રહી છે.નોંધણી રદ થવા પાછળના મુખ્ય કારણો તપાસ સમિતિ અને ચકાસણી પ્રક્રિયા દરમિયાન દસ્તાવેજોમાં નીચે મુજબની ગંભીર ક્ષતિઓ મળી આવી છે: રેકોર્ડમાં તફાવતઃ વક્ફ બોર્ડના ચોપડે નોંધાયેલા 'ખાસરા' (સર્વે પ્લોટ) નંબર અને સરકારી મહેસૂલ રેકોડ ના નંબરોમાં મોટો વિરોધાભાસ છે.જમીન વિસ્તારમાં અસમાનતાઃ નોંધાયેલા વાસ્તવિક વિસ્તાર (રકબા) અને દસ્તાવેજી વિસ્તારમાં મોટો તફાવત જોવા મળ્યો છે.

બેવડી નોંધણીઃ કેટલીક મિલકતો એક જ સમયે શિયા અને સુન્ની બંને વક્ફ બોર્ડમાં નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે.

ટેકનિકલ અને ઐતિહાસિક ભૂલોઃ જૂના દસ્તાવેજોમાં પુષ્કળ કાનૂની અને ટેકનિકલ અચોક્કસતાઓ જોવા મળી છે.કયા જિલ્લાઓમાં સૌથી વધુ નોંધણી રદ થઈ?રાજ્યના જૌનપુર જિલ્લામાં સૌથી વધુ વક્ફ મિલકતો રદ કરવામાં આવી છે. મુખ્ય જિલ્લાઓની યાદી નીચે મુજબ છેઃ

| જિલ્લો | મિલકત |
| --- | --- |
| જૌનપુરઃ | ૧૯૩૮ મિલકતો |
| બારાબંકી | ૧૫૨૧ મિલકતો |
| મુઝફ્ફરનગર | ૧૫૧૦ મિલકતો |
| અલીગઢ | ૧૦૬૧ મિલકતો |
| બસ્તી | ૧૦૦૦ મિલકતો |
| ઉન્નાવ | ૯૦૮ મિલકતો |
| સીતાપુર | ૯૦૬ મિલકતો |
| હરદોઈ | ૮૯૧ મિલકતો |
| આઝમગઢ | ૮૮૬ મિલકતો |
| લખનૌ | ૮૭૫ મિલકતો |

નિયમો અનુસાર, વક્ફ ટ્રિબ્યુનલે કાયદાકીય રીતે માન્ય હોય તેટલું મહત્તમ સમયગાળાનું લંબાણ અગાઉથી જ આપી દીધું છે, તેથી હવે સામૂહિક રીતે મુદત વધવાની શક્યતા નહિવત છે.

વક્ફ બોર્ડના અધિકારીઓના જણાવ્યા મુજબ, મિલકતના રક્ષકો એટલે કે મુતાવલ્લીઓ પાસે હજુ પણ ૫ જૂન સુધીનો સમય છે. તેઓ સાચા અને આધારભૂત સરકારી દસ્તાવેજો સાથે પોર્ટલ પર વિગતો ફરીથી અપલોડ કરી શકે છે. જો આ સમયમર્યાદામાં વિસંગતતાઓ સુધારવામાં નહીં આવે, તો આ તમામ મિલકતોને પોર્ટલમાંથી કાયમી ધોરણે હટાવી દેવામાં આવશે.

જો સમય વીતી જશે તો મુતાવલ્લીઓએ વ્યક્તિગત રીતે કોર્ટ અથવા ટ્રિબ્યુનલના ધક્કા ખાવા પડશે, જે ખૂબ જ લાંબી અને જટિલ પ્રક્રિયા છે.

નોંધનીય છે કે, ઉત્તર પ્રદેશમાં યુપી સુન્ની વક્ફ બોર્ડ હેઠળ ૧૨૬૦૦૦ થી વધુ સંસ્થાઓ આવે છે. વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ અંતર્ગત વક્ફ મિલકતોની ડિજિટલ નોંધણી કરાવવી હવે કાનૂની રીતે ફરજિયાત બની ગઈ છે.

# ડીઝલનો પુરતા પ્રમાણમાં જથ્થો હોવાનો દાવો થઈ રહ્યો હોવા છતાં

# ધારીનાં નાગધ્રા ચોકડીએ ડીઝલ માટે લાં...બી લાઈન જોવા મળી

**ખેતીની મોસમ શરૂ થઈ હોય તે સમયે ખેડૂતો ડીઝલ માટે કલાકો સુધી ભટકવા મજબુર**

**ડીઝલની તંગી છે તે સત્ય હોવા છતાં પણ તંત્ર ઢાંકવાનો નિષ્ફળ પ્રયાસ કરે છે**

**જિલ્લાનાં જુદા-જુદા વિસ્તારોમાં દિ'ઉગેને ડીઝલ માટે લાઈન લાગી રહી છે તે સત્ય છે**

**જિલ્લાનાં ખેડૂતોને અચ્છે દિન તો જોવા નથી મળતાં પણ બુરે દિન જોવા મળી રહ્યા છે**





અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં દિ'ઉગેને કોઈને કોઈ વિસ્તારમાંથી પેટ્રોલ પંપ ઉપર ડીઝલ માટે લાંબી લાઈન હોવાનાં દ્રશ્યો સામે આવી રહ્યા છે. પેટ્રોલ પંપનાં સંચાલકો અને ખેડૂતો પણ કહે છે કે, ઓઈલ કંપની પુરતા પ્રમાણમાં ડીઝલનો જથ્થો ફાળવતી નથી છતાં સ્થાનિક તંત્ર ડીજલની કોઈ તંગી નથી તેવો દાવો કરી રહ્યું છે. તો ખેડૂતોને દિવસભર લાઈનમાં ઉભા રહેવાનો શોખ છે કે તંત્રને બદનામ કરવાનો પ્રયાસ છે તેની તપાસ કરવી જોઈએ.

ધારીનાં નાગધ્રા ચોકડીએ આજે ખેડૂતોએ ડીઝલ માટે લાંબી લાઈન લગાવી હતી અને મેળો હોય તેવો માહોલ જોવા મળ્યો હતો અને પેટ્રોલ પંપનાં સંચાલકે પણ જણાવ્યું કે ડીઝલનો જથ્થો પુરતા પ્રમાણમાં મળતો નથી.

અમરેલી જિલ્લો એ ખેતી પ્રધાન છે અને જિલ્લાનું મોટાભાગનું અર્થતંત્રી ખેતી આધારિત છે અને હાલમાં ખેતીની મોસમ શરૂ થઈ હોય ખેડૂતોને ટ્રેકટર, સનેડા, જેસીબી સહિતનાં વાહનો માટે ડીઝલની અતિ જરૂર હોય તે સમયે જ પુરતા પ્રમાણમાં ડીઝલનો જથ્થો મળતો ન હોવાથી ખેતી કાર્યમાં વિક્ષેપ થઈ રહ્યો છે અને ખેત ઉત્પાદનમાં ઘટાડો થવાની દહેશત પણ ખેડૂતોમાં ઉભી થઈ છે.

અમરેલીનાં સત્તા પક્ષનાં જનપ્રતિનિધિઓએ જિલ્લાનાં ખેડૂતો ડીઝલ માટે ભટકી રહ્યા હોય તે સમયે જરૂરી મદદ કરવી જોઈએ અને ખેડૂતોને ડીઝલનો જેટલો જથ્થો જોઈએ તેટલો ઉપલબ્ધ કરાવવો જોઈએ.

## સામાજિક કાર્યકર્તાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# મોંઘવારીને કાબુમાં લેવા માટે પેટ્રોલ અને ડીઝલ પર લાગતા વેટમાં ઘટાડો કરો

**ટ્રાન્સપોર્ટ ક્ષેત્રને પણ રાહત આપવી જરૂરી**

અમરેલી, તા. ૨૩

ગુજરાતમાં સતત વધી રહેલી મોંઘવારી અને જીવનજરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવ વચ્ચે સામાન્ય જનતા, મધ્યમવર્ગ, ખેડૂતો, મજૂરો, નાના વેપારીઓ તેમજ ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો ભારે આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલ પર રાજય સરકાર દ્વારા વસુલવામાં આવતા વેટના કારણે ઈંધણના ભાવ ઊંચા રહેતા રોજિંદા જીવન પર સીધી અસર પડી રહી છે.

સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી પેટ્રોલ અને ડીઝલ પર લાગતા વેટમાં તાત્કાલિક ઘટાડો કરવાની માંગ કરી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા પંચાયતમાં પાંચ મહત્વનાં સ્થાનો પૈકી ૩ ઉપર મહિલાઓને જવાબદારી

# અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ પદે નેસડી બેઠકનાં સદસ્યા દક્ષાબેન ચોડવડીયા : ઉપપ્રમુખ પદે મહાવીરબાપુ ભગત

**કારોબારી ચેરમેન તરીકે અરજણભાઈ વાઘ, દંડક તરીકે સોનલબેન ગાગડીયા**





અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ તથા ઉપપ્રમુખ સહિતનાં વિવિધ હોદ્દેદારોની ચૂંટણી આજે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયત કચેરી ખાતે યોજાઈ હતી. આ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખપદે નેસડી બેઠક પરથી વિજેતા બનેલા દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડિયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જયારે ઉપપ્રમુખપદે ધારગણી બેઠક ઉપરથી વિજેતા થયેલા મહાવીરબાપુ વલકુબાપુ ભગતની પસંદગી કરવામાં આવી હતી. મહાવીરભાઈ ભગત ચલાલા દાન મહારાજની જગ્યાનાં મહંત વલકુબાપુનાં પુત્ર હોવાનું પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું.

આ ઉપરાંત જિલ્લા પંચાયતનાં કારોબારી ચેરમેન તરીકે ભેરાઈ બેઠક ઉપરથી વિજેતા થયેલા અરજણભાઈ ખીમાભાઈ વાઘની વરણી કરવામાં આવી હતી. શાસકપક્ષનાં નેતા તરીકે ભાનુબેન શિયાળને જવાબદારી સોંપવામાં આવી હતી, જયારે દંડક પદે સોનલબેન ગાગડિયાની પસંદગી કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લા પંચાયતની નવી બનેલી ટીમમાં મહિલા શક્તિકરણની વિશેષ છાપ જોવા મળી હતી. પાંચ મુખ્ય હોદાઓમાંથી ત્રણ હોદાઓ પર મહિલાઓની વરણી થતાં મહિલાઓના નેતૃત્વને વધુ બળ મળ્યું હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. મહિલા આગેવાનોને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપાતા ભાજપ સંગઠનમાં પણ ઉત્સાહનો માહોલ

અનુસંધાન પાના ૬ ઉપર






















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)